શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સેકટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેક્સ: ૨૩૨૩૨૪૩૬, E-mail: gecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. 1800 233 7965

**ક્રમાંક : એસએસએ/ટીટી/(સ્ટીલ બુકકેશ)/૧૩/૧૮૮૮૨–૯૩૯** **તા. ૩ .૫.૧૩**

**પ્રતિ,**
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન
જિલ્લો : તમામ
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત.

**વિષય : સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળા કક્ષાએ સ્ટીલ બુકકેશ પુરા પાડવા અંગે.**
**સંદર્ભ : (૧) અત્રેના પત્રક્રમાંક : એસએસએ/હસબ/૭૫૧૬ થી ૨૪ તા.૨૦.૨.૧૩**
**(૨) અત્રેના પત્રક્રમાંક : એસએસએ/હસબ/૧૪૮૧૫–૧૭ તા.૫.૪.૧૩**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે વર્ષ : ૨૦૧૨–૧૩ અંતર્ગત " લાયબ્રેરી ઈન સ્કુલ" સદરે મંજુર થયેલ જોગવાઈમાંથી શાળા લાયબ્રેરીના સમૃધ્ધિકરણ અર્થે પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોની સાચવણી અને જાળવણીના સુચારૂ આયોજન અર્થે, સ્ટીલ બુકકેશ(કબાટ)રાજય કક્ષાએથી તમામ શાળાઓને પુરા પાડવા માટે અત્રેની હિસાબી શાખા ધ્વારા ઈ–ટેન્ડર ધ્વારા ટેન્ડર જાહેર કરીને તે આધારે નિયત થયેલ એજન્સીઓને ટેન્ડરની શરતોને અને દર્શાવેલ સ્પેશીફીકેશન અનુસાર, શાળાકક્ષાએ સ્ટીલ કબાટ પુરા પાડવા સંદર્ભ(૧)ની ક્રમ–(૧) થી (૩) એજન્સીને તા.૨૦.૨.૧૩ થી તથા ક્રમ–(૪)એજન્સીને તા.૫.૪.૧૩થી વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે.

| ક્રમ | એજન્સીનું નામ | પેકેજ નંબર | જિલ્લાના નામ | શાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મે.સંસ્કૃતિ ખાદી ગ્રામોદ્યોગ પરિસ્થાન નિકોલ, અમદાવાદ<br>અત્રેની કચેરીના પત્રક્રમાંક : એસએસએ/ હસબ /૭૫૧૬ –૧૮ તા.૨૦/૨/૧૩ | ૧ | અમદાવાદ | ૧૩૬૮ |
| | | | અમદાવાદ કોર્પોરેશન | ૪૬૩ |
| | | | ગાંધીનગર | ૬૨૯ |
| | | | ખેડા | ૧૬૭૭ |
| | | | **કુલ** | **૩૬૭૪** |
| | | ૩ | બનાસકાંઠા | ૨૨૯૬ |
| | | | પાટણ | ૮૦૭ |
| | | | **કુલ** | **૩૧૦૩** |
| | | ૫ | મહેસાણા | ૧૦૦૦ |
| | | | સાબરકાંઠા | ૨૪૫૬ |
| | | | **કુલ** | **૩૬૫૬** |



www.shixan.in

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ભાવના સ્ટીલ ઈકવીપમેન્ટ, વટવા,અમદાવાદ અત્રેની કચેરીના પત્રક્રમાંક :એસએસએ/ હસબ/૭૫૧૯–૨૧ તા.૨૦/૨/૧૩ | ૨ | વડોદરા | ૨૪૧૮ |
| | | | વડોદરા કોર્પોરેશન | ૧૦૪ |
| | | | નર્મદા | ૬૮૮ |
| | | | **કુલ** | **૩૧૦૬** |
| | | ૯ | કચ્છ | ૧૬૮૩ |
| | | | પોરબંદર | ૩૨૬ |
| | | | અમરેલી | ૭૯૭ |
| | | | **કુલ** | **૨૮૦૬** |
| ૩ | M/S સમર સ્ટીલ ઈન્ડસ્ટ્રી, જલગાંવ, મહારાષ્ટ્ર<br>અત્રેની કચેરીના પત્રક્રમાંક :એસએસએ/ હસબ/૭૫૨૨–૨૪ તા.૨૦/૨/૧૩ | ૧૦ | વલસાડ | ૯૯૪ |
| | | | ડાંગ | ૩૭૮ |
| | | | નવસારી | ૭૪૨ |
| | | | તાપી | ૮૦૨ |
| | | | **કુલ** | **૨૯૧૬** |
| ૪ | રાજ એન્જિનિયરીંગ વર્કસ, વટવા, અમદાવાદ અત્રેની કચેરીના પત્રક્રમાંક :એસએસએ / હસબ/૧૪૮૧૫ –૧૭ તા.૫/૪/૧૩ | એ | રાજકોટ | ૧૪૨૭ |
| | | | રાજકોટ કોર્પોરેશન | ૧૦૪ |
| | | | ભાવનગર | ૧૧૭૮ |
| | | | સુરેન્દ્રનગર | ૯૯૦ |
| | | | **કુલ** | **૩૫૯૫** |
| | | બી | જામનગર | ૧૪૧૦ |
| | | | જુનાગઢ | ૧૩૨૭ |
| | | | **કુલ** | **૨૭૩૭** |

**સંદર્ભિત ઓર્ડર અન્વયે, આપના જિલ્લામાં નિયત થયેલ એજન્સી તરફથી સ્ટીલ બુકકેશ સીધેસીધા જે તે શાળા કક્ષાએ પહોંચાડવાની કામગીરી હાલમાં ચાલુમાં છે.**

**એજન્સી તરફથી શાળાને સ્ટીલ બુકકેશ મળે ત્યારે તેની ભૌતિક ચકાસણી કરીને, યોગ્ય હાલતમાં માલ મળેલ છે. તે બદલનું પ્રમાણપત્ર/પહોંચ એજન્સીને આપવાની રહે છે.**

**તે નજરે, આપની કક્ષાએથી તેની ચકાસણી અર્થે નીચે મુજબની બાબતોને પણ ચકાસણી વેળાએ ધ્યાનમાં લેવા, તમામ શાળાના આચાર્યશ્રીઓને સુચના આપવા જણાવવામાં આવે છે.**

- **સ્ટીલ બુકકેશ ઉપર દેખાય તે રીતે એસએસએનો લોગો તથા બુકકેશના વિગતવાર સ્પેશીફીકેશન દર્શાવેલ હોવા જોઈએ.**
- **સ્ટીલ બુકકેશના કાચ અને હેન્ડલ યોગ્ય હાલતમાં છે તેની ચકાસણી કરવી.**

**ઉકત બંન્ને બાબતોને ધ્યાનમાં રાખીને, શાળાના આચાર્યશ્રીએ પ્રમાણપત્ર/પહોંચ આપવાની રહેશે.**

**ઉકત એજન્સીઓ ધ્વારા જે તે તાલુકાની શાળાઓને સ્ટીલ બુકકેશ મળે ત્યારબાદ રેન્ડમલી ચકાસણી બીઆરપી અને બીઆરસી કો.ઓર્ડિનેટર ધ્વારા પ્રત્યેક કલસ્ટરની ૧–૧ શાળા, સીઆરસી કો.ઓર્ડિનેટરને કલસ્ટરની તમામ શાળા અને ઓઆઈસી–ટીટીએ પ્રત્યેક તાલુકાની ૧–૧ શાળામાં કરવાની રહેશે. જરૂર જણાયે જિલ્લાના અન્ય ઓઆઈસીને પણ રેન્ડમલી ૧–૧ શાળા સોંપીને ચકાસણી કરાવી શકાશે. .**



www.shixan.in

રેન્ડમલી ચકાસણીને અંતે નીચે મુજબના પત્રક સહિત જે તે તાલુકા બીઆરસી કો.ઓર્ડિનેટરનું પ્રમાણપત્ર અને તે આધારે ઓઆઈસી–ટીટી અને ડીપીસીનું પ્રમાણપત્ર નીચે મુજબના પત્રકમાં જે તે તાલુકાની તમામ શાળાની ડીલીવરી પૂર્ણ થાય તેના ૧૦ દિવસમાં અત્રેની ટીચર્સ ટ્રેનીંગ બ્રાન્ચમાં મોકલી આપવાનો રહેશે.

જિલ્લો :

| તાલુકો | કલસ્ટર | બુકકેશ આપેલ શાળાની સંખ્યા | લોગો અને સ્પેશીફીકેશન દર્શાવેલ શાળાની સંખ્યા | કાચ અને હેન્ડલ સારી હાલતમાં હોય તે શાળાની સંખ્યા | બુકકેશની ભૌતિક ગુણવત્તા પ્રાથમિક દૃષ્ટિએ સારી/મધ્યમ/ નબળી |
|---|---|---|---|---|---|
| | | | | | |

તારીખ :

બીઆરસી કો.ઓર્ડિનેટરની સહી/સિકકો :

શાળા કક્ષાએ સ્ટીલ બુકકેશ મળેથી તેને ડેડસ્ટોક રજીસ્ટરમાં નોંધી, તેના ઉપર **"શાળા લાયબ્રેરીના સમૃધ્ધિકરણ અર્થે પુસ્તકોની જાળવણી/સાચવણી માટે વર્ષ : ૨૦૧૨–૧૩ની એસએસએ અંતર્ગતની ગ્રાન્ટમાંથી મળેલ છે."** તે મુજબની નોંધ કલરથી/ઉખડી ન જાય તેવા પ્રિન્ટ સ્ટીકરથી કબાટ ઉપર લગાડવાનું રહેશે.

ઉકત બાબતે કરેલ કાર્યવાહીની જાણ અત્રેની કચેરીને દિન–૧૫માં કરવા જણાવવામાં આવે છે. અત્રેથી આપેલ વર્કઓર્ડરના સ્પેશીફીકેશન મુજબની ગુણવત્તાની ચકાસણી થર્ડ પાર્ટી તરીકે નિમેલ એસજીએસ ઈન્ડીયા પ્રા.લી.ને સોંપેલ છે. તેમના તરફથી અભિપ્રાય અત્રે મળનાર છે જે જાણશો.

(જે.એલ.દાસા)
ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત ભવન, જિલ્લા : તમામ
- પી એ ટુ માન. એસપીડીશ્રી, સદર કચેરી.

**નકલ જયભારતસહ રવાના જાણ અર્થે :**

- એફએન્ડ એઓશ્રી, સદર કચેરી.
- ઓઆઈસી–તમામ, સદર કચેરી, તેમના મોનીટરીંગ દરમ્યાન ચકાસણી અર્થે.

**નકલ રવાના જાણ તથા ઘટિત કાર્યવાહી સારુ :**

- બીઆરસીકો.ઓર્ડિનેટર, તમામ તેમની કક્ષાએથી સંબંધિતોને જાણ કરવા સારુ.



www.shixan.in